# રાજ્યમાં કોરોના વાયરસના ૧૪ શંકાસ્પદ કેસો

## દેશમાં કોરોના વાયરસના ૩૦ પોઝિટિવ કેસો નોંધાયા બાદ ગુજરાતમાં પણ તમામ તકેદારીના પગલા : તમામ યાત્રીની ચકાસણી : હોસ્પિટલોમાં વ્યવસ્થા

ગાંધીનગર,તા. ૫

દેશના જુદા જુદા ભાગોની સાથે સાથે ગુજરાતમાં પણ કોરોના વાયરસના ૧૪થી વધુ શકમંદ કેસ સપાટી પર આવતા ખળભળાટ મચી ગયો છે. તમામને હાલ સારવાર હેઠળ રાખવામાં આવ્યા છે. અમદાવાદમાં કોરોના વાયરસના ૮ શકમંદ કેસો સપાટી પર આવતા તંત્ર સાબદુ થઈ ગયું છે. ગુજરાતમાં આજે જે વિસ્તારમાં શકમંદ કેસો નોંધાયા છે તેમાં અમદાવાદમાં ૮ ઉપરાંત સુરતમાં બે, ભરૂચમાં બે, રાજકોટમાં બે અને બનાસકાંઠા અને સાબરકાંઠામાં એક એક કેસનો સમાવેશ થાય છે. અમદાવાદ વિમાની મથક પર તમામ યાત્રીઓની સ્ક્રિનિંગ કરવામાં આવી રહી છે. સાથે સાથે તમામ હોસ્પિટલમાં પુરતા સાધનો પણ રાખવામાં આવ્યા છે. ગુજરાતમાં હજુ સુધી કોરોના વાયરસના કોઈ કેસ પોઝિટિવ આવ્યા નથી. જ્યારે ભારતમાં કોરોના વાયરસના કુલ પોઝિટિવ કેસોની સંખ્યા ૩૦ ઉપર પહોંચી છે. અમદાવાદ શહેરમાં આજે આઠ કેસો શકમંદ નોંધાયા હતા. કોરોના વાઈરસના શંકાસ્પદ લક્ષણો ધરાવતા વધુ આઠ કેસો સામે આવતાં સ્થાનિક આરોગ્ય તંત્ર દોડતુ થઈ ગયુ હતું. કોરોના વાઈરસના શંકાસ્પદ લક્ષણ જોવા મળતાં આ આઠ દર્દીઓને શહેરની સિવિલ હોસ્પિટલના આઈસોલેશન વોર્ડમાં સઘન સારવાર હેઠળ દાખલ કરી દેવાયા છે. બીજીબાજુ, ઈરાન આવેલા એક શખ્સમાં તો, સીંગાપોરથી આવેલી એક યુવતીમાં પણ કોરોના વાઈસરના શંકાસ્પદ લક્ષણો જોવા મળતાં તેઓને અનુક્રમે પાલનપુર અને હિમંતનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. આમ, રાજયમાં પણ કોરોના વાઈરસના શંકાસ્પદ લક્ષણો ધરાવતાં કેસોની સંખ્યામાં ધીરે ધીરે વધી રહી છે, જેને લઈ રાજય સરકાર અને આરોગ્ય વિભાગનું તંત્ર દોડતુ થઈ ગયુ છે. ઉત્તર ગુજરાતમાં કોરોના વાઈરસના બે શંકાસ્પદ કેસો સામે આવ્યા હતા. જેમાં પાલનપુર સિવિલ હોસ્પિટલમાં ઈરાનથી આવેલા ઈસમને આઈસોલેશન વોર્ડમાં દાખલ કરાયો છે. જ્યારે હિમતનગર સિવિલમાં સિંગાપોરથી આવેલી યુવતીને આઈસોલેશન વોર્ડમાં રાખવામાં આવી છે. તો બીજીબાજુ, અમદાવાદમાં આજે વધુ ૮ શંકાસ્પદ કેસ આવ્યા હતા. જેમાં બે પુરૂષ અને એક મહિલામાં કોરોના વાઈરસના શંકાસ્પદ લક્ષણો જોવા મળ્યા હતા. જેને પગલે ત્રણેયને અમદાવાદ સિવિલ હોસ્પિટલના આઈસોલેશન વોર્ડમાં દાખલ કરવામાં આવ્યા છે. તમામના સિવિલ હોસ્પિટલની લેબોરેટરીમાં બ્લગ સેમ્પલ ટેસ્ટ કરવાની તજવીજ હાથ ધરાઈ છે. સાબરકાંઠા જિલ્લામાં હિંમતનગર સિવિલ હોસ્પિટલમાં ૨૫ વર્ષીય યુવતીને આઈસોલેશન વોર્ડમાં રાખવામાં આવી છે. તે સિંગાપોરથી ભારત આવ્યા બાદ કોરોના વાઈરસના શંકાસ્પદ લક્ષણો હોવાની શક્યતા છે. તેનો રિપોર્ટ આવવાનો બાકી છે. અત્યાર સુધી અહીં છ શંકાસ્પદ દર્દીઓ દાખલ થઈ ચૂક્યા હતા, પંરતુ તમામનો રિપોર્ટ નેગેરિવ આવતા તમામને રજા આપી દેવાઈ હતી. આ જ પ્રકારે, ઈરાનથી પરત ફરેલા મૂળ કાણોદર ગામના મુસાયબઅલી શેરશિયાને કોરોના વાઈરસના શંકાસ્પદ લક્ષણો દેખાતા પાલનપુર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયો હતો. તેને સિવિલના આઈસોલેશન વાર્ડમાં રાખવામાં આવ્યો છે તેને તેની સારવાર ચાલી રહી છે. હજુ તેનો પણ રિપોર્ટ આવવાનો બાકી છે. આમ, રાજયમાં કોરોના વાઈરસના શંકાસ્પદ લક્ષણો ધરાવતાં કેસોની સંખ્યામાં ધીરે ધીરે વધી રહી છે, જેને લઈ સરકાર અને આરોગ્ય વિભાગના અધિકારીઓ દોડતા થયા છે. અમદાવાદમાં કોરોના વાયરસના શંકાસ્પદ કેસ નોંધાયા બાદ સારવાર હેઠળ રાખવામાં આવ્યા છે. રિપોર્ટની રાહ જોવામાં આવી રહી છે.

## પાલનપુર અને હિંમતનગરમાં શંકાસ્પદ કોરોનાના કેસ મળ્યા

### બન્ને દર્દીઓને હોસ્પિટલના આઈસોલોશન વોર્ડમાં રખાયા છે

ગાંધીનગર, તા. ૫

ઉત્તર ગુજરાતમાં કોરોના વાયરસના બે શંકાસ્પદ કેસો સામે આવ્યા છે જેને લઈ લોકોમાં ભયની લાગણી પ્રસરી જવા પામી છે.

મળતી વિગતો પ્રમાણે પાલનપુર અને હિંમતનગર ખાતે આ બે શંકાસ્પદ કેસ મળી આવ્યા છે અને તેમને આઈસોલેશન વોર્ડમાં સારવાર આપવામાં આવી રહી છે.

મળતી વિગતો પ્રમાણે પાલનપુર સિવિલ હોસ્પિટલમાં ઈરાનથી આવેલા ઈસમને આઈસોલેશન વોર્ડમાં દાખલ કરવામાં આવેલ છે. જ્યારે હિંમતનગર સિવિલિમાં સિંગાપોરથી આવેલ યુવતીને આઈસોલેશન વોર્ડમાં રાખવામાં આવી છે.

સાબરકાંઠા જિલ્લામાં હિંમતનગર સિવિલ હોસ્પિટલમાં ૨૫ વર્ષીય યુવતીને આઈસોલેશન વોર્ડમાં રાખવામાં આવી છે. તે સિંગાપોરથી ભારત આવ્યા બાદ કોરોના વાયરસના શંકાસ્પદ લક્ષણો હોવાની શક્યતા છે. તેનો રિપોર્ટ હજુ આવ્યો નથી. અત્યાર સુધી જિલ્લામાંથી ૬ શંકાસ્પદ દર્દીઓ આ વોર્ડમાં દાખલ થઈ ચુક્યા છે પરંતુ તમામના રિપોર્ટ નેગેટીવ આવતા તમામને રજા અપાઈ છે જે નોંધનીય છે.

ઈરાનથી પરત ફરેલા કાણોદર ગામના યુવાનને કોરોના વાયરસના શંકાસ્પદ લક્ષણો દેખાતા તેને પાલનપુર હોસ્પિટલમાં દાખલ કરી આઈસોલેશન વોર્ડમાં રાખવામાં આવેલ છે. દર્દીના નમૂના મેળવી તેને પરીક્ષણ માટે મોકલી આપવામાં આવ્યા છે અને તેના રિપોર્ટની રાહ જોવાઈ રહી છે.

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




ટીચર... આવી બૂકથી તો મારા ડેડી, તેના ડેડી અને તેના પણ ડેડી ભણતા હતા... તમે હવે તો કાંઈક નવું લાવો...!!

## વાત-વાતમાં.....

- આગામી તા. ૮મી માર્ચે વિશ્વ મહિલા દિવસની ઉજવણીના ભાગરૂપે જૂના સચિવાલય ખાતેના મહિલા આયોગ દ્વારા સચિવાલયના તમામ મહિલા કર્મચારીઓના સ્નેહમિલન સમારંભનું આયોજન કર્યુ છે. આ સમારંભ જુના સચિવાલયના બગીચામાં બપોરની રીશેષ દરમ્યાન યોજાશે.
- વિધાનસભામાં આજે પણ મોટી સંખ્યામાં બસો ભરીને મહિલા મુલાકાતીઓના ધાડાં ઉતરી પડ્યાં હતા. જેઓમાંથી કેટલીક મહિલાઓ પોતાના લાંબા પર્સ સાથે પ્રેક્ષક દિર્ધામાં જવાની લાઈનમાં ઉભા હતા ત્યારે સલામતી કર્મચારીઓએ પર્સ સાથે પ્રવેશ આપવાની મનાઈ ફરમાવી હતી. આ કારણે મહિલાઓએ વિધાનસભા સંકુલના ત્રીજા માળેથી મધ્યમાં પડતી જગ્યાએથી પહેલા માળે ઉભેલા તેમની સાથે આવેલા પુરૂષ મુલાકાતીઓને ઉપરથી નિચે પર્સ ફેંકીને આપતા થયેલા અવાજને કારણે થોડીકવાર માટે કુતુહલનો માહોલ છવાયો હતો.
- ધોરણ-૧૨ની બોર્ડની પરીક્ષાના પ્રથમ દિવસે જ પેપર છુટવાના સમયે વાલીઓ પોતાના સંતાનોની રાહ જોઈને ઉભા હતા ત્યારે વરસાદી છાંટા પડવા શરૂ થઈ ગયા હતા. એકાએક કમોસમી વરસાદનું વાતાવરણ સર્જાતા વાલીઓ પણ આશ્ચર્ય સાથે ચિંતિત બન્યાં હતા.

## ખૂણેખાંચરેથી



- રાજ્યસભાની ચૂંટણીને લઈ ચૂંટણીપંચ દ્વારા સચિવાલય સ્થિત મુખ્ય નિર્વાચીન અધિકારીની કચેરી ખાતે કંટ્રોલરૂમ શરૂ કરવામાં આવ્યો છે.
- શુક્રવાર એ જિલ્લા કલેક્ટર કચેરી ખાતે મીટીંગ્સ ડે છે. આરોગ્યતંત્રની જ અર્ધો ડઝન જેટલી બેઠકોનું આયોજન કરાયું છે. જિલ્લાતંત્ર દ્વારા આરોગ્ય સેવાઓનું સઘન મોનીટરીંગ થાય તેવી લાગણી લોકોમાં ઉભી થવા પામી છે.
- આજે જિલ્લા કોંગ્રેસની કારોબારી સમિતિની બેઠક પ્રદેશના સહ પ્રભારી જીતેન્દ્ર બઘેલજીની ઉપસ્થિતિમાં ૩ વાગે જિલ્લા પંચાયતના સરદાર હોલમાં મળશે.
- કોરોના વાયરસ અંગે રાજ્યના મુખ્ય સચિવશ્રીએ જિલ્લા કલક્ટરોને પત્ર લખીને તે બાબતે આરોગ્યતંત્ર દ્વારા કરાયેલ તૈયારીઓને ચકાસવા જણાવ્યુ છે.
- ફિટાગ-યાત્રા-૨ ગાંધીનગરથી પસાર થતાં ગાંધીનગર આઈ.ટી. એસો.ના જગદીશભાઈ દૂધાત અને એમની ટીમે સ્વાગત કર્યુહતુ. આ યાત્રામાં ડ્રેઈરાના રાષ્ટ્રીય અધ્યક્ષ કૌશિક પંડ્યા ફિટાગના પ્રેસીડેન્ટ પ્રફુલ્લ દેસાઈએ ગાંધીનગર એસો.ની પ્રવૃત્તિને બિરદાવી હતી.
- આજે બપોરે સરકીટહાઉસ ખાતે રાહુલ-પ્રિયંકાના ૧૨મી માર્ચના સૂચિત પ્રવાસને લઈ પ્રદેશ કોંગ્રેસના હોદેદારોની મહત્વની બેઠક મળી હતી.
- એશિયન ડેવલપમેન્ટ બેંકની એક ટીમ આજે બોરીજ પ્રા. શાળાની મુલાકાતે આવી હતી. જ્યાં ટીમે બાલા, પ્રજ્ઞા વર્ગ તેમજ એસ.એ.એસ. સોફટવેરને ચકાસી બાળકો સાથે વાર્તાલાપ કર્યો હતો.

## બેંક ખાતામાંથી આપોઆપ ઉપડી ગયેલા નાણાં ગ્રાહક ફોરમે પરત અપાવ્યા

### અઢી માસના સમયગાળા સુધી બેંકે વળતર ના આપતા યુવતિએ ગ્રાહક તકરાર નિવારણ ફોરમનું શરણ લીધુ : ગ્રાહક ફોરમે વ્યાજ તથા માનસિક પરેશાની પેટે વળતર ચુકવવાનો પણ આદેશ કર્યો

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગરના સેક્ટર-૩-ડી ખાતે રહેતી યુવતિના એસબીઆઈ બેંકના ખાતામાંથી કોઈપણ પ્રકારના ફોન કોલ કે ઓટીપી આપ્યાં વગર કે કોઈને પણ બેંક ખાતાની વિગતો આપી ના હોવા છતાં બારોબાર રૂ. ૨૫ હજારની થયેલી ઓનલાઈન ઉઠાંતરી અંગે બેંક તથા પોલીસમાં ફરિયાદ કરવા છતાં કોઈ મદદ પ્રાપ્ત ન થતાં યુવતિ દ્વારા જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ ફોરમમાં કેસ દાખલ કર્યો હતો. આ કેસ દાખલ કરતાં ગ્રાહક ફોરમે બેંકને પાઠવેલી નોટીસ મળતાં તુરંત જ બેંક દ્વારા યુવતિના ખાતામાં રૂ. ૨૫ હજારનું રીફંડ જમા કરી દેવામાં આવ્યુ હતુ જે બેંકની ભૂલનો સૈદ્ધાંતિક સ્વીકાર હોવા સમાન લાગવા સાથે યુવતિએ અઢી માસ જેટલાં સમયગાળાના ગુમાવેલા વ્યાજ તથા આ સમયગાળા દરમ્યાન ભોગવેલ માનસિક ત્રાસ પેટે વળતરની માંગ કરી હતી જે અંગે પણ ફોરમ દ્વારા ગ્રાહકની તરફેણમાં ચુકાદો આપવામાં આવ્યો છે.

શહેરના સેક્ટર-૩-ડીમાં પ્લોટ નં. ૧૦૮૧/૨ ખાતે રહેતી અને કલેક્ટર કચેરીમાં કરાર આધારિત કર્મચારી તરીકે ફરજ બજાવતી ક્રિશ્ના આર. ભટ્ટ ગત તા. ૨૭મી જાન્યુઆરીએ ઓનલાઈન ફ્રોડનો શિકાર બની હતી. જેના તેમના ખાતામાંથી રૂ. ૨૫ હજાર ઉપડી ગયા હોવાનો મોબાઈલ મેસેજ પ્રાપ્ત થયો હતો. આ બાબતે એસબીઆઈ બેંકની ઈન્ફોસીટી શાખામાં જઈને રજૂઆત કરતાં બેંક દ્વારા અરજી લેવાને બદલે પોલીસ ફરિયાદ કરવા જણાવ્યુ હતુ જેથી ક્રિશ્ના ભટ્ટે સ્થાનિક પોલીસ સ્ટેશન અને એલસીબી કચેરીએ અરજીઓ આપી હતી. જોકે આ અરજી આપવા છતાં આશરે અઢી માસના સમયગાળા સુધી કોઈ મદદ પ્રાપ્ત થઈ નહોતી કે બેંક દ્વારા રીઝર્વ બેંકના તા. ૬ઠ્ઠી જુન-૨૦૧૭ના જાહેરનામા અનુસાર ઉચાપત, ઉઠાંતરીના કેસમાં ગ્રાહક (ખાતેદાર) તરફથી બેંકને જાણ કરાયાંના કામકાજના ૧૦ દિવસની અંદર બેંક તરફથી ખાતેદારના ખાતામાં તે રકમની પરત ચુકવણી કરવાની જવાબદારી રહેતી હોવા છતાં કોઈ રીફંડ જમા કરાવાયુ નહોતુ. છેવટે યુવતિએ ગાંધીનગર જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ ફોરમમાં દાદ માંગતા ફોરમે બેંકને નોટીસ મોકલી હતી જે પછી બેંક દ્વારા તુરંત જ ખાતેદારના ખાતામાં રૂ. ૨૫ હજાર જમા કરી દેવામાં આવ્યાં હતા. યુવતિના વકીલ આર.વી. પંડ્યાના જણાવ્યાં અનુસાર બેંક દ્વારા માત્ર ઉચાપતની રકમ ચુકવવામાં આવી હતી જે માત્ર ૧૦ દિવસની ચુકવવાને બદલે આશરે અઢી માસનો સમયગાળઓ લગાડ્યો હતો જે ગાળાના બેંક વ્યાજનું ખાતેદારને નુકશાન થવા પામ્યુ છે અને આ સમયગાળા દરમ્યાન ખાતેદાર માનસિક પરેશાનીનો ભોગ પણ બનવા પામી છે તેથી તેના વળતર પેટે રૂ. ૧૦ હજારનો પણ દાવો ગ્રાહક તકરાર નિવારણ ફોરમમાં દાખલ કરવામાં આવ્યો હતો જેના અનુસંધાનમાં ફોરમ દ્વારા બેંકને રીફંડ ચુકવવામાં થયેલા વિલંબના સમયગાળાનું વ્યાજ તથા માનસિક ત્રાસ પેટે રૂ. ૧ હજારનું વતળતર ચુકવવા ચુકાદો જાહેર કર્યો છે.

### ગ્રાહક ફોરમે અપાવેલો ન્યાય અન્ય ખાતેદારો માટે આશાનું કિરણ

દેશભરમાં સાયબર ક્રાઈમની ઘટનાઓ વધતી જઈ રહી છે અને ગાંધીનગર સહિત દેશમાં અસંખ્ય બેંક ખાતેદારો તેનો દિન-પ્રતિદિન ભોગ બની રહ્યાં છે. પરંતુ તેઓ જ્યારે બેંકમાં કે પોલીસમાં ફરિયાદ કરવા જાય ત્યારે તેમને સધિયારો આપી મદદરૂપ થવાને બદલે શંકાની નજરે જોઈ વધુ પરેશાનીનો ભોગ બને તેવુ વર્તન થતું હોવાનો નાગરિકોને અહેસાસ થઈ રહ્યો છે. આ સંજોગોમાં ગ્રાહક તકરાર નિવારણ ફોરમ થકી એક નિર્દોષ ખાતેદારને મળેલો ન્યાય ઓનલાઈન ફ્રોડ કે ઉચાપતનો ભોગ બની રહેલા ગ્રાહકો માટે આશાવાદ સાથે હિંમત પુરી પાડવાનું કાર્ય કરશે.

## વિધાનસભામાં ગાંધીનગર - ધનંજય જોષી



## જિલ્લાની ૯૮ આંગણવાડીઓ ભાડાના મકાનમાં કાર્યરત

ગાંધીનગર તા ૫

ગાંધીનગર જિલ્લામાં ૧૦૬૮ આંગણવાડી છે. જયારે આ પૈકી ૯૭૦ આંગણવાડીને પોતાના મકાનો છે. જયારે ૯૮ આંગણવાડી ભાડાના મકાનોમાં કાર્યરત છે. માણસાના ધારાસભ્યના પ્રશ્નના ઉત્તરમાં મહીલા બાળ વિકાસ મંત્રી રજુ કરેલા જવાબમાં વધુમાં જણાંવ્યુ હતુ કે સરકાર આંગણવાડીઓને પોતાના મકાનો આપવા માટે મનરેગા ઉપરાંત અન્ય વિવિધ યોજનાઓ અંતર્ગત આયોજન કરે છે.

**● દહેગામ તાલુકાની બે ગ્રામ પંચાયતોમાં કોમ્પ્યુટરની સુવિધા નથી**

ગાંધીનગર જિલ્લામાં ઈ ગ્રામ યોજના અન્વયે કેટલી ગ્રામ પંચાયતોમાં કોમ્પ્યુટરની સુવિધા ઉપલબ્ધ છે. દહેગામના ધારાસભ્ય બળવંતસિંહ ચૌહાણના પ્રશ્નના ઉત્તરમાં પંચાયત મંત્રીએ જણાંવ્યા મુજબ ચારેય તાલુકામાં ૨૦ ગ્રામ પંચાયતોમાં આ સુવિધા ઉપલબ્ધ છે. જયારે દહેગામ તાલુકાની ૨ ગ્રામ પંચાયતો સિવાય તમામ ગ્રામ પંચાયતોમાં કોમ્પ્યુટરની સુવિધા ઉપલબ્ધ છે. તેમ પણ તેમણે પેટા પ્રશ્નના જવાબમાં જણાંવ્યુ હતુ.

**● ફી પરત ચુકવણી યોજના અન્વયે ૨૨૧૧ વિદ્યાર્થીઓને લાભ**

ખાનગી પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ માટે ફી પરત યોજના ચુકવણી સહાય યોજના હેઠળ વિદ્યાર્થી દીઠ કેટલી રકમની સહાય ચુકવવામાં આવે છે દહેગામના ધારાસભ્યના પ્રશ્નના ઉત્તરમાં શિક્ષણમંત્રીએ જણાંવ્યા મુજબ વિદ્યાર્થીદીઠ વાર્ષિક રૂ ૧૦ હજારની મર્યાદામાં સહાય ચુકવવામાં આવે છે. જયારે શહેરના ૨૨૧૧ વિદ્યાર્થીઓને આ યોજના હેઠળ આવરી લેવાયા છે.

**● બે વર્ષમાં એક ગરીબ કલ્યાણ મેળો યોજાયો**

જિલ્લામાં બે વર્ષ દરમિયાન કેટલા ગરીબ કલ્યાણ મેળા યોજવામાં આવ્યા જેના જવાબમાં પંચાયત મંત્રીએ જણાંવ્યા મુજબ વર્ષ ૨૦૧૮-૧૯માં એક ગરીબ કલ્યાણ મેળો યોજવામાં આવ્યો હતો. જયારે આ આયોજન પાછળ ૩.૯૮ લાખનો ખર્ચ કરાયો હતો.

## જિલ્લામાં આજથી ગ્રામસભા અભિયાન

### ૩૧ માર્ચ સુધી આ અભિયાન ચાલશે : ૬૦ થી વધુ લાયઝન અધિકારીઓ નિમાયા

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર જિલ્લામાં આજથી ગ્રામસભા અભિયાનનો આરંભ થઈ રહ્યો છે. આ માટે ૬૦ થી પણ વધારે લાયઝન અધિકારીઓની નિયુક્તી કરી દેવામાં આવી છે જે અધિકારીઓ આ ગ્રામસભામાં હાજર રહેશે.

આ ગ્રામસભા અભિયાનને લઈ તંત્ર દ્વારા તેની જાણ પણ ગ્રામ્ય વિસ્તારના સરપંચોને કરી દેવામાં આવી છે. મળતી વિગતો પ્રમાણે દહેગામ તાલુકામાં ગ્રામસભાનો સમય ૧૧ વાગ્યનો, કલોલ તાલુકામાં ગ્રામસભાનો સમય ૧૨ વાગ્યાનો, માણસામાં ગ્રામસભાનો સમય ૧૨ વાગે અને ૩ વાગ્યાનો તો ગાંધીનગર તાલુકામાં પણ ગ્રામસભાનો સમય ૧૧ વાગે અને ૩ વાગ્યાનો રાખવામાં આવ્યો છે.

આ ગ્રામસભા અભિયાનમાં રજુ થયેલા પ્રશ્નો જે વણઉકલ્યા રહે તે જિલ્લા સંકલન સમિતિમાં ચર્ચા માટે રજુ કરવામાં આવશે.

આ અભિયાનમાં ૧૪મા નાણાંપંચ અંતર્ગત કરાયેલા વિકાસ કામોના હિસાબ રજુ કરી મંજૂર કરાવવાની કામગીરી ઉપરાંત ગામમાં પોષણ અભિયાનની કામગીરી સઘન બનાવવા માટે ખાસ ચર્ચાઓ કરવાની રહેશે.

આ ગ્રામસભાઓમાં સરકારની વિવિધ યોજનાના લાભાર્થીઓના નામ નક્કી કરવા, વેરા વસુલાત અંગેના પત્રકો રજુ કરવા તેમજ ગામતળ-ગૌચરના દબાણો દૂર કરવા અને નિયંત્રિત કરવાને લઈ પણ ચર્ચાઓ કરવાની રહેશે.

## ગુજરાતમાં બે વર્ષોમાં ૧૩૮ સિંહના મોત થયાની કબુલાત

ગુજરાતમાં બે વર્ષમાં ૧૩૮ સિંહ અને ૧૨૩ સિંહબાળના મોત નીપજયા હોવાની સંવેદનશીલ માહિતી આજે ગુજરાત વિધાનસભા ગૃહમાં ખુદ રાજય સરકાર દ્વારા રજૂ કરવામાં આવી હતી. રાજયમાં સિંહ, સિંહબાળ, દીપડા અને દીપડાના બચ્ચાના મૃત્યુ મુદ્દે ખંભાળિયા કોંગ્રેસના ધારાસભ્ય વિક્રમ માડમે ગૃહમાં પ્રશ્ન પૂછ્યો હતો. જેના જવાબમાં રાજ્ય સરકારના વન મંત્રીએ વન્ય પ્રાણીઓના મૃત્યુ અંગે વિગતો આપતા જણાવ્યું હતું કે, છેલ્લા બે વર્ષમાં સિંહ , સિંહ બાળ, દીપડા અને દીપડાના બચ્ચાના મૃત્યુની અલગ અલગ ઘટનાઓમાં કુલ ૧૩૮ સિંહના મૃત્યુ થયા છે. જેમાં ૨૦૧૮માં ૫૯ સિંહ અને ૨૦૧૯માં ૭૯ સિંહોના મૃત્યુ નોંધાયા હોવાનો સ્વીકાર કર્યો હતો. જેને લઈ વિપક્ષ કોંગ્રેસે ગુજરાતમાં સાવજના જીવ જોખમમાં હોવાનો અને ભાજપ સરકાર સિંહોના રક્ષણ અને સંવર્ધનમાં નિષ્ફળ ગઈ હોવાનો ગંભીર આક્ષેપ લગાવ્યો હતો. સરકાર તરફથી ગૃહમાં નિખાલસપણે એકરાર કરવામાં આવ્યો હતો કે, રાજયમાં છેલ્લા બે વર્ષમાં સિંહ બાળ ૧૨૩ મૃત્યુ થયા છે. જેમાં સૌથી વધુ સિંહ બાળના મૃત્યુ ૬૯ વર્ષ ૨૦૧૯માં થયાનો સ્વીકાર કર્યો હતો. જયારે ૨૫૦ દીપડા અને ૯૦ દીપડાના મૃત્યુ છેલ્લા બે વર્ષમાં નોંધાયા હોવાની કબૂલાત વન મંત્રીએ કર્યો હતો. ઉલ્લેખનીય છે કે, છેલ્લા બે વર્ષમાં દીપડાના બચ્ચાના એક સરખી સંખ્યા એટલે કે વર્ષ ૨૦૧૮માં ૪૫ અને ૨૦૧૯માં પણ ૪૫ દીપડાના બચ્ચા મૃત્યુ થયાનો સ્વીકાર કર્યો હતો. જયારે અકુદરતી રીતે ૧૧ સિંહ, ૬ સિંહ બાળ, ૭૯ દિપડા અને ૧૬ દીપડાના બચ્ચાના અકુદરતી મૃત્યુ થયાનો સ્વીકાર વન મંત્રીએ કર્યો હતો. તેમણે સરકારનો બચાવ કરતાં જણાવ્યું હતું કે, રાજયના વન વિભાગે વન્ય પ્રાણીઓના અકુદરતી મૃત્યુની ઘટના રોકવા તાત્કાલિક સારવાર માટે વેટરનરી ઓફિસરની નિમણૂક કરી છે, જ્યારે વન્ય પ્રાણી મિત્રોની નિમણૂકની સાથે સાથે પ્રાણીઓ ટ્રેકરોની નિમણુકો કરવામાં આવી છે. આ ઉપરાંત જંગલમાં આવેલા કુવાઓના ફરતે વાડ બનાવવામાં આવી છે જ્યારે રેલવે લાઈનની આજુબાજુના ફેંસિંગ અને વન વિસ્તાર અને અભિયારણ વિસ્તારમાંથી પસાર થતાં રસ્તાઓ ઉપર સ્પીડ બ્રેકરો મુકવામાં આવ્યા છે. જ્યારે સાસણ ખાતે અદ્યતન હોસ્પિટલ તથા લાયન એમ્બ્યુલન્સ કાર્યરત થઈ છે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
Kisan
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ